## (૪) વિષય - પોતાના કાર્યો બજાવવા માટે પોતે નક્કી કરેલા ધોરણો.

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરએ રાજય સરકારનું એક જાહેર સાહસ છે. નિગમ દ્વારા અમલીત થનાર યોજનાઓ રાજય સરકાર દ્વારા મંજુરી મેળવ્યા બાદ જ અમલમાં મુકવામાં આવે છે.

**ધિરાણ કોણ મેળવી શકેઃ**

- સફાઇ કામદાર એટલે કે જેઓ હાથથી મેલું ઉપાડવાની કામગીરીમાં પૂરા અથવા અશંકાલીન સમય માટે રોકાયેલી વ્યકિત અને તેના આશ્રિતો કે જેમને રાષ્ટ્રીય સફાઇ કામદાર મુકિત અને પુનઃ સ્થાપન યોજના હેઠળ અથવા કોઇ મોજણીમાં તે મુજબ મુકરર કરવામાં આવ્યા હોય અલબત, ગુજરાતમાં હાલ માથે મેલં ઉપાડવાની પ્રથા સંદતર બંધ છે.
- સફાઇ કામદારોની નોંધાયેલ સહકારી મંડળી
- લક્ષ્યાંક જૂથ દ્વારા રચવામાં આવેલ વૈધાનિક મંડળો /પેઢીઓ.
- આ અંગે કરવામાં આવેલી મોંજણીમાં જેનો સમાવેશ થતો ન હોય પરંતુ વિવિધ સ્થળે અને કચેરીઓમાં સફાઇ કામદાર કે તેમના આશ્રિતના પ્રમાણપત્રના આધારે અસંગઠીત ક્ષેત્રે કામ કરતાં સફાઇ કામદારો કે તેમના આશ્રિતો
- ધિરાણ મેળવવા માટે કોઇ આવક-મર્યાદા નથી આમ છતાં અન્ય તમામ બાબતો સરખી હોય તો નિગમ ગરીબી રેખાથી નીચેના સફાઇ કામદાર, વિધવા મહિલાઓ, અશકત /અપંગ વ્યકિતઓને અગ્રતા આપશે.
- વયમર્યાદા ૧૮ થી ૫૦ વર્ષ
- તાલીમ માટે ૧૮ થી ૪૫ વર્ષ